**આંક :–___**

**<u>જૂનાગઢના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ,</u>**

**<u>મું. જૂનાગઢ.</u>**

**<u>ફોજદારી કેસ નં. ૧૦૩૮/૨૦૨૬</u>**

**શ્રી સરકાર**
(મુળ ફરિયાદી : શૈલેષભાઈ ગાંગાભાઈ સોલંકી)
(જૂનાગઢ ''બી'' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર
નંબર : ૧૧૨૦૩૦૨૪૨૫૦૩૬૩/૨૦૨૫) **<u>– ફરિયાદી.</u>**

**<u>વિરૂધ્ધ.</u>**

**શરીફભાઈ ઈશાકભાઈ નુરમહમદભાઈ સુમરા**
ઉ.વ.આ. ૩૩, ધંધો–નોકરી,
મુળ રહેવાસી : જામકા, તા.જી.જુનાગઢ.
હાલ રહેવાસી : ખોજા નાકા, વહેવારીયા મદ્રેશા,
નુર ફળી, અલમહમદ એપાર્ટમેન્ટ, બ્લોક નં.૬૦૫,
જામનગર. **<u>– આરોપી.</u>**

**<u>આરોપ :–</u>** <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૫૪ તથા આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબ.</u>

**<u>–:: કમીટલ હુકમ ::–</u>**

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી નં.(૧) નાઓ આ કામેના સાહેદ નં.૦૪ ની ઈન્ડુસઈન્ડ બેન્ક મોતીબાગ શાખામાં બેન્ક એકાઉન્ટ નં.259904937394 વાળુ ધરાવતા હોય અને કમીશન પેટે રૂપીયા કમાવાની બદદાનતથી આરોપી નં.(૨) તથા કોલમ નં.(૨) મા જણાવેલ આરોપીને રૂપીયાના ટ્રાન્ઝેકશન સારૂ કોલમ નં.(૧) મા જણાવેલ આરોપી નં.(૧) નાએ પોતાનુ એકાઉન્ટ

ભાડેથી આપેલ અને આ કામના આરોપીઓએ બદદાનતથી અલગ-અલગ માધ્યમથી સાહેદ નં.૫ શીપ સાહેદ નં.૧૦૧નાઓ પાસેથી સાયબર ફ્રોડથી રૂા.૨,૧૨,૮૨,૨૬૮/- કોલમ નં.(૧) મા જણાવેલ આરોપી નં.(૧) ના એકાઉન્ટમા મેળવેલ રૂપીયા બેન્ક એકાઉન્ટમાં જમા કરાવી સગેવગે કરી તેમાથી કમીશન પેટે આર્થીક ફાયદો મેળવવા સારૂ આ કામેના કોલમ નં.(૨) માં જણાવેલ આરોપીને સદરહુ બેન્ક એકાઉન્ટની માહિતી આપતા આ કામેના કોલમ નં.(૨) માં જણાવેલ આરોપીએ અથવા તેમના મળતીયાઓ મારફતે તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ અલગ અલગ ટ્રાન્જેકશનો દ્વારા સાયબર ફ્રોડ તથા ડીમેટ ડીપોઝીટ, યુ.પી.આઈ. ફ્રોડના રૂપીયા કોલમ નં.(૧) ના આરોપી નં (૧) ના ઈન્ડુસઈન્ડ બેન્કમાં આવેલ એકાઉન્ટમાં જમા કરાવેલ જે બેન્ક એકાઉન્ટમા ભારત સરકારના NCCRP પોર્ટલ ઉપર અલગ અલગ ભોગબનનાર સાહેદ નં.૫ થી સાહેદ નં.૧૦૧ નાઓની કુલ- ૧૦૦ (એક સો) કમ્પ્લેઇન દાખલ થયેલ જે કમ્પ્લેઇન મુજબ તમામ રૂપીયા તમામ આરોપીઓ પોતે ફ્રોડ કરી બદદાનતથી એકાઉન્ટમાં જમા થયેલ હોવાનુ જાણવા છતા તમામ આરોપીઓએ રૂપીયા કમાવવાની બદદાનતથી કોલમ નં.(૧) ના આરોપી નં.(૧),(૨) નાઓ તથા કોલમ નં.(૨) ના આરોપી નં.(૧) તથા તપાસમાં ખુલે તે તમામ આરોપીઓને પોતે જાણતા હોવા છતા સાયબર ફ્રોડમાં ઉપયોગ લેવા સારૂ કમીશનથી બેંક એકાઉન્ટ આપી જમા થયેલ રૂપીયા વિડ્રો કરી પોતાના અંગત ફાયદા સારૂ ઉપયોગ કરી સગેવગે કરી નાખી તમામ આરોપીઓએ ગુનો કરી અને એક બીજાને મદદગારી કરી ગુનો કરેલાની ફરિયાદ ફરિયાદીએ જૂનાગઢ ''બી'' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપતા, આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪) તથા આઈ.ટી.એકટ કલમ-૬૬(ડી) મુજબનો ગુન્હો નોંધાયેલ અને ત્યારબાદ તપાસનીશ અધિકારીએ તપાસના અંતે ઉપરોકત ગુના અંગે હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ છે.

(૨) આ કામના આરોપીને અત્રેની અદાલત સમક્ષ હાજર રખાવતા, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

(૩) આ કામે રજૂ કરાયેલ ફરિયાદ તથા પોલીસ પેપર્સ વંચાણે લેતા, આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલા ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા આ અદાલતને રહેતી નથી અને આ ગુન્હા અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા

માત્ર નામદાર સત્ર ન્યાયાલયને રહેલ છે. આ સંજોગોમાં સદરહુ કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ હેઠળ નામદાર સત્ર ન્યાયાલય, જૂનાગઢને કમીટ કરવો જોઈએ તેમ હું માનું છું. જેથી નીચે મુજબનો હુકમ કરૂં છું.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) આ કામના આરોપી સામેનો કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ મુજબ નામદાર સત્ર ન્યાયાલય, જૂનાગઢને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી હાલ જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય તેમને તા.૨૫/૦૮/૨૫ ના રોજ સવારે ૧૦:૪૫ વાગ્યે નામદાર સત્ર ન્યાયાલય, જૂનાગઢ સમક્ષ હાજર રખાવવા જેલ સતાવાળાને યાદી કરવી અને આરોપીને કમીટલ વોરંટ ભરી ફરી જેલ હવાલે મોકલાવવા.

(૩) આ કામના તમામ કેસ પેપર્સ તથા મુદામાલ નામદાર સત્ર ન્યાયાલય, જૂનાગઢને મોકલી આપવા તેમજ આ હુકમની જાણ જિલ્લા સરકારી વકીલશ્રીને કરવી.

આ હુકમ આજ તારીખ **<u>૨૨મી</u>** માહે **<u>જુન,</u>** સને **<u>૨૦૨૬</u>** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ,
તારીખ : ૨૨/૦૬/૨૦૨૬.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (GJ-00862)